# ગાંધીનગર રાજયમાં સૌથી ઠંડુગાર : પારો ૪.૩ ડીગ્રી

**એક રાતમાં ઠંડીનો પારો ૮ ડીગ્રી અને ૪૮ કલાકમાં ૧૩ ડીગ્રી નીચે ગગડયો : લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે ૨૦ ડીગ્રીનો તફાવત : શહેરીજનો કાતિલ કોલ્ડવેવમાં ઠુંઠવાયા : આકરી ઠંડીથી સેકટરોમાં સુનકાર : સાંજ ઢળતા જ સેકટરોની શેરીઓમાં સન્નાટો : કોરોનાના કહેર વચ્ચે ઠંડીના સપાટાથી જન આરોગ્ય વિશેષ પ્રભાવિત**

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં આજે છેલ્લા એક દાયકાની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઈ છે. ઠંડીનો પારો એક જ રાતમાં ૮ ડીગ્રી નીચે સરકી જતા લઘુત્તમ તાપમાન ૪.૩ ડીગ્રી સુધી નીચે ગગડી ગયુ હતુ જેના લીધે શહેરીજનો કાતિલ કોલ્ડવેવમાં ઠુંઠવાઈ રહ્યા છે. છેલ્લા ૪૮ કલાકમાં ઠંડીનો પારો ૧૩ ડીગ્રી સુધી નીચે ઉતરી ગયો છે. જયારે આજે લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે પણ નોંધપાત્ર ૨૦ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો કોરોનાના વધતા કહેર વચ્ચે કોલ્ડવેવ પણ ચરમસીમાએ પહોંચતા નગરજનો હાડથિજાવતી ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે. ઠંડીએ ઉગ્ર મિજાજ દાખવતા શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોની શેરીઓમાં સાંજ ઢળતા જ સુનકાર જોવા મળી રહ્યો છે કોવિડના કહેર વચ્ચે કરફયુના અમલ પુર્વે જ કરફયુ જેવો સન્નાટો છવાઈ જાય છે. આકરી ઠંડીના લીધે જન આરોગ્ય અને જનજીવન પ્રભાવિત છે. કાતિલ ઠંડીથી બચવા માટે શહેરીજનો ઘરમાં પુરાયેલા રહે છે.

ગાંધીનગરમાં આજે ઠંડીએ હદ વટાવી હતી. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૨. ૭ રહ્યુ હતુ જયારે એક જ રાતમાં ઠંડીનો પારો ૮ ડીગ્રી ગગડતા નગરમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. સમગ્ર રાજયમાં આજે ગાંધીનગર સૌથી ઠંડુ શહેર બન્યુ હતુ. છેલ્લા બે દિવસથી ઠંડીનો પારો ધીમે ધીમે નીચે ગગડતા ગઈકાલે પણ ઠંડીનુ જોર વધ્યુ હતુ. જયારે આજે ઠંડીનો મિજાજ એકદમ જ ઉગ્ર બની જતા છેલ્લા એક દાયકાની સૌથી વધુ ઠંડી આજે નોંધાઈ છે. સવારથી જ કાતિલ ઠંડીએ નગરને બાનમાં લેતા નગરજનો કોલ્ડવેવમાં ઠુંઠવાયા હતા. આકરી ઠંડીના કહેરથી બચવા માટે ઘરોમાં હીટર ઓન થઈ ગયા છે. જયારે બહાર ખુલ્લામાં રહેતા શ્રમિકો તાપણીના સહારે છે. આકરી ઠંડીમાં ઠુંઠવાતા શ્રમિકોને ધાબળા ઓઢાડવા માટે પણ સેવાભાવી સંસ્થાઓ અને આગેવાનો કામે લાગ્યા છે. ગત ડિસેમ્બર મહીનામાં પણ ઠંડીએ આકોર મિજાજ દાખવતા ઠંડીનો પારો ૬.૫ ડીગ્રી સુધી નીચે ગગડી ગયો હતો જયારે સતત ચાર પાંચ દિવસ સુધી લઘુત્તમ તાપમાન સિંગ્લ ડીઝીટમાં રહ્યુ હતુ. અત્યાર સુધી સિઝનની મહત્તમ ઠંડી ૬.૫ ડીગ્રી નોંધાઈ હતી. જયારે આજે ઠંડીનો પારો ૪.૩ ડીગ્રી સુધી નીચે ગગડતા છેલ્લા એક દાયકામાં આજનો દિવસ સૌથી ઠંડો પુરવાર થયો હતો. એટલુ જ નહીં પરંતુ સમગ્ર રાજયમાં ગાંધીનગર ઠંડીમાં નંબર વન રહ્યુ હતુ. એકબાજુ કોરોનાના કેસ વધી રહ્યા છે. જયારે આકરી ઠંડીનો કહેર પણ નગરજનો માટે પરેશાનીનુ કારણ બન્યો છે. કોવિડની સાથે કાતિલ કોલ્ડવેવનુ જોર વધતા નગરજનો ઘરમાં જ પુરાયેલા રહેવાનુ પસંદ કરી રહ્યા છે. સવારથી જ ઠંડીનુ મોજુ ફરી વળતા શહેરીજનો હવે મોર્નિંગ વોક પર જવાનુ પણ ટાળી રહ્યા છે. કોરોનાના લીધે કરફયુનો સમય રાત્રિના ૧૦ વાગ્યાથી શરૂ થઈ જાય છે પરંતુ કાતિલ ઠંડીના લીધે શહેરમાં સાંજ ઢળતા જ કરફયુ જેવી સ્થિતિ સર્જાય છે. નગરજનો રાત્રિના સમયે ઘરની બહાર નિકળવાનુ પસંદ કરતા નથી. ઠંડીથી બચવા માટે સેકટરોમાં સાંજના સમયે બારી બારણા બંધ કરી સેકટરવાસીઓ ઘરમાં કેદ થઈ જાય છે. કાતિલ ઠંડથી વૃધ્ધો અને બાળકોની હાલત વધુ દયાજનક થઈ છે. જયારે દમ અને શ્વાસના દર્દીઓ પણ બેચેની અનુભવી રહ્યા છે. આકરી ઠંડીના લીધે નગરના શોપિંગ બજારમાં પણ સવારે મોડા સુધી કોઈ વિશેષ ચહલ પહલ જોવા મળતી નથી. જયારે રાત્રિના સમયે સેકટરોમાં સન્નાટો છવાયેલો જોવા મળે છે. સાંજ ઢળતા જ નગરના મુખ્યમાર્ગો પર ટ્રાફિકની અવરજવર પણ ઓછી થઈ જાય છે. જયારે સેકટરોની શેરીઓમાં પણ સુનકાર પ્રવર્તે છે. ગત સપ્તાહ દરમિયાન ઠંડીમાં રાહત અનુભવ્યા બાદ વાતાવરણ પલ્ટાના અંતે ઠંડીએ અચાનક જ જોર પકડયુ છે. ગાંધીનગર કાતિલ કોલ્ડવેવની લપેટમાં આવી જતા નગરજનો ગરમ કપડામાં લપેટાયા છે. ઠંડીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા નગરના જનજીવનમાં પણ સુનકાર પ્રવર્તયો છે. જયારે કોરોનાના વધતા કહેર વચ્ચે જન આરોગ્ય પ્રભાવિત છે. ઠંડીના આકરા મિજાજથી શહેર સુન્ન પડી ગયુ છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે આજે ૨૦ ડીગ્રીનો નોંધપાત્ર તફાવત પણ જોવા મળ્યો હતો. જેના લીધે દિવસ અને રાત્રિના તાપમાનમાં અસમાનતા જોવા મળી હતી. છેલ્લા ૪૮ કલાકમાં ઠંડીનો પારો ૧૩ ડીગ્રી નીચે ગગડયો છે. બે દિવસમાં જ મોસમનો મિજાજ આશ્ચર્યજનક રીતે બદલાતા શહેરીજનો કાતિલ કોલ્ડવેવની ઝપડે ચઢી ગયા છે.



## ઠંડીનો મિજાજ ઉગ્ર રહ્યો તો હીમવર્ષા પણ થઈ શકે...!!

ગાંધીનગરમાં સતત ઠંડીના પારાની ચઢ ઉતર વચ્ચે કોલ્ડવેવ આક્રમક બનતા નગરજનો કાતિલ ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે. એક જ દિવસમાં ઠંડીનો પારો સડસડાટ નીચે સરકી જતા મોસમનો મિજાજ બદલાઈ ગયો છે. વાતાવરણ પલ્ટાના અંતે અચાનક જ ઠંડી વધી જતા શહેરીજનો સુન્ન પડી ગયા છે. જયારે ગત ડિસેમ્બર મહીનામાં પણ કાતિલ ઠંડીનો અનુભવ કર્યા બાદ જાન્યુઆરી મહીનામાં અલબત્ત નવા વર્ષના પ્રારંભે ઠંડીમાં થોડી રાહત અનુભવ્યા બાદ મહીનાના અંતે ઠંડીએ ફરી આક્રમક સ્વરૂપ ધારણ કર્યુ છે. જયારે આજે ઠંડીએ હદ વટાવી છે. ત્યારે શહેરીજનોએ હજુ પણ બે ત્રણ દિવસ આકરી ઠંડી વેઠવી પડશે તેમ મનાઈ રહ્યુ છે. હવામાન તજજ્ઞોનાના મતે હજુ બે દિવસ સુધી ઠંડી આક્રમક બની રહેશે આ દરમિયાન હીમવર્ષા થવાની પણ સંભાવના છે.

## રાજયમાં ક્યાં - કેટલી ઠંડી

| | |
|---|---|
| ગાંધીનગર | ૪.૩ ડીગ્રી |
| નલીયા | ૪.૬ |
| અમદાવાદ | ૬.૭ |
| ડીસા | ૮ |
| જુનાગઢ | ૮.૨ |
| વડોદરા | ૮.૪ |
| રાજકોટ | ૯.૭ |
| સુરત | ૧૦.૨ |
| ભાવનગર | ૧૦.૪ |
| દિવ | ૧૦.૮ |
| પોરબંદર | ૧૧.૧ |
| કંડલા | ૧૧.૬ |
| ભુજ | ૧૨.૬ |
| વેરાવળ | ૧૩.૨ |
| દ્વારકા | ૧૫ |
| ઓખા | ૧૬.૮ |

## ડિસેમ્બર ૨૦૧૨ માં તાપમાન ૪ ડીગ્રી નીચે સરકી ગયુ હતુ એક દાયકા બાદ સૌથી વધુ ઠંડી

દર વર્ષની સાપેક્ષમાં આ વર્ષે શિયાળાની મોસમ વધુ આકરી પુરવાર થઈ રહી છે. વાતાવરણ પલ્ટા અને કમોસમી વરસાદના વાયરા વચ્ચે ઠંડીના પારાની સતત ચઢઉ ઉતર જોવા મળી રહી છે. ઠંડીનો મિજાજ અચાનક જ ઉગ્ર બનતા એક જ રાતમાં સુસવાટા મારતી કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળે છે. જેના લીધે છેલ્લા બે દિવસમાં જ ઠંડીનો પારો ૧૩ ડીગ્રી સુધી ચઢ ઉતર થયો છે. આજે ગાંધીનગરમાં એક દાયકા બાદ ઠંડીનો પારો રેકર્ડ બ્રેક સ્થિતિએ પહોંચ્યો છે. અગાઉ વર્ષ ૨૦૧૨માં ૨૪ ડીસેમ્બરના રોજ લઘુત્તમ તાપમાન ૪ ડીગ્રીથી નીચે સરકી ગયુ હતુ જયારે ૧૦ વર્ષના અંતે ફરી એકવાર કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ગત મહીના દરમિયાન પણ ઠંડી આકરી બની હતી જેના લીધે લઘુત્તમ તાપમાન ૬.૫ ડીગ્રીએ પહોંચ્યુ હતુ જો કે ધીમે ધીમે ઠંડીનુ જોર ઘટતા લઘુત્તમ તાપમાન ફરી ડબલ ડીઝીટમાં આવી ગયુ હતુ પરંતુ આજે એક જ રાતમાં ઠંડીનો પારો ૮ ડીગ્રી જેટલો નીચે સરકી જતા દાયકાની સૌથી વધુ ઠંડી નોંધાઈ છે. સમગ્ર રાજયમાં ગાંધીનગર સૌથી ઠંડા શહેર તરીકે ઉભરી આવ્યુ છે. સામાન્ય રીતે નલીયામાં સૌથી વધુ ઠંડી નોંધાય છે. જયારે આજે નલીયાનુ તાપમાન પણ ગાંધીનગર કરતા ૦.૩ ડીગ્રી વધુ રહ્યુ હતુ. અલબત્ત નલીયા ૪ .૬ડીગ્રી સાથે બીજા ક્રમે ઠંડુ રહ્યુ હતુ.

# શહેરમાં કેસ ઘટ્યા : રિકવરી વધી

**આજે નવા ૩૨૫ કેસ નોંધાયા : ઝુંડાલમાં ૧૦ માસનું બાળક સંક્રમિત થયું : શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં સે. ૩ માં ૧૪, સે. ૫, ૬ માં ૧૦-૧૦ કેસ, સે. ૧૩ માં ૧૮, સે. ૧૪ માં ૧૩, સે. ૨૨ માં ૧૧, સે. ૨૭ માં ૧૪ કેસ નોંધાયા : શહેરના ગ્રામ્ય વિસ્તારમાં સરગાસણમાં ૩૮, કુડાસણમાં ૧૯, પેથાપુરમાં ૧૭, ઝુંડાલમાં ૨૪, વાવોલમાં ૧૨ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસોમાં સતત ત્રીજા દિવસે પણ ઘટાડો થવા પામ્યો છે. શહેરમાં આજે ૩૨૫ નવા કેસ નોંધાયા છે. આ સાથે ગાંધીનગર શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૫ હજારને પાર કરી ગઈ છે.

શહેરમાં આજે પણ ૨૧૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. શહેરમાં સંક્રમણની ગતિ ધીમી પડી છે અને રિકવરી રેટ ઝડપથી સુધરી રહ્યો હોવાથી તંત્રએ થોડીક રાહત અનુભવી છે.

શહેરમાં આજે સંક્રમણ ઘટતાં લોકોએ પણ રાહત જરૂર અનુભવી છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૮ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

શહેરમાં ૨૪ દિવસમાં જ કોરોનાના કેસો પાંચ હજાર નોંધાતા તંત્ર અને લોકો ચિંતાતુર બની ગયા છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં મહિલા દર્દીઓની સંખ્યા ૧૩૨ છે. મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા કેસોમાં ૩૩ દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે. જ્યારે ૨૧ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયના છે.

શહેરમાં આજે ૧૨ દર્દી ૧૦ કે તેથી ઓછી વયના નોંધાયા છે. જેમાં સરગાસણમાં ૩ વર્ષની દિકરી, પાંચ વર્ષનો દિકરો, સે. ૧૪ માં ૨ વર્ષનો દિકરો, ૯ વર્ષનો દિકરો, સે. ૧૩ માં ૮ વર્ષનો દિકરો, વાવોલમાં ૬ વર્ષની દિકરી, ઝુંડાલમાં ૬ વર્ષની દિકરી, સે. ૨૫ માં ૨ વર્ષનો દિકરો, સે. ૧૭ માં ૨ વર્ષનો દિકરો, સે. ૧૪ માં અઢી વર્ષનો દિકરો અને ૮ વર્ષનો દિકરો સંક્રમિત થયા છે. ઝુંડાલ ગામે માત્ર ૧૦ મહિનાનો આયુ ધરાવતો દિકરો સંક્રમિત થયો છે.

બાળ દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં આજે સૌથી વધુ દર્દીઓ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયા છે. કેસો ઘટ્યા છે પણ લગ્નસરાની મોસમ આજે પુરી થઈ છે અને હજુ એકાદ સપ્તાહ સુધી કેસો વધી શકે તેવો ભય તંત્રને સતાવી રહ્યો છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં સરગાસણમાં ૩૮, કુડાસણમાં ૧૯, પેથાપુરમાં ૧૭, ઝુંડાલમાં ૨૪, વાવોલમાં ૧૨ કેસ નોંધાયા છે.

આ ઉપરાંત શહેરના અન્ય ગ્રામ્ય વિસ્તારો રાંદેસણમાં ૬, રાયસણમાં ૩, કોબામાં ૪, ભાટમાં ૨, પાલજમાં ૭, પોરમાં ૧, સુઘડમાં ૨, કોલવડામાં ૩ કેસ નોંધાયા છે.

આઈઆઈટીમાં આજે પણ ૬ કેસ નોંધાતા તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં સે. ૩ માં ૧૪, સે. ૫ અને ૬ માં ૧૦-૧૦ કેસ, સે. ૭ માં ૮, સે. ૧૩ માં ૮, સે. ૧૪ માં ૧૩, સે. ૨૨ માં ૧૧, સે. ૨૯ માં ૮, સે. ૨૪ માં ૯, સે. ૨૭ માં ૧૪, સે. ૩૦ માં ૬, સે. ૧૭ માં ૬ કેસ નોંધાયા છે.

સે. ૨૧, ૧૯ માં ૫-૫ કેસ તો સે. ૧ માં ૩, સે. ૨, ૪ માં ૬-૬ કેસ નોંધાયા છે.

શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

શહેરમાં આજે પણ ૨૫૦૦થી વધુ એક્ટીવ કેસ તરીકે દર્દીઓ સારવાર હેઠળ છે. તંત્રએ કોરોના ગાઈડલાઈન્સના ચુસ્ત અમલીકરણ માટે પણ તાકીદ કરી છે.

# ગ્રામ્ય વિસ્તારમાં નવા ૧૪૮ કેસ નોંધાયા

**દહેગામમાં ૩, ગાંધીનગરમાં ૬૩, કલોલમાં ૫૬, માણસામાં ૨૬ કેસ : ૫૨ મહિલા દર્દી, ૨૧ દર્દી ૬૦ થી વધુ વયના, ૧૬ દર્દી ૧૧ થી ૨૦ ની વયના**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે ૧૪૮ કેસ નોંધાયા છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા ૨૨૦૦ની નજીક પહોંચવા આવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતાર થઈ રહ્યો હોવાથી તંત્રની ચિંતા વધી છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસમાંથી બે દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્યના કર્મીઓ સતત સંક્રમિત થઈ રહ્યા છે. આજે પણ બે ફિમેલ હેલ્થવર્કર અને કોમ્યુનીટી હેલ્થ ઓફિસર સંક્રમિત થયા છે. છેલ્લા ત્રણ દિવસથી આરોગ્યના કર્મીઓ સંક્રમિત થઈ રહ્યા હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૩, ગાંધીનગરમાં ૬૩, કલોલમાં ૫૬ અને માણસામાં ૨૬ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૫૨ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. ૨૧ દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે તો ૧૬ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયના છે. આજે નોંધાયેલા કેસોમાં ૧૮ વિદ્યાર્થી, ૮ ખેડૂત અને ૧૭ સરકારી કર્મચારીઓનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૦ વર્ષ કે તેથી ઓછી વયના ૪ દર્દીઓ સંક્રમિત થયા છે. કલોલમાં ૧૦ વર્ષનો દિકરો, આદરજમાં ૧૦ વર્ષનો દિકરો, કલોલ શહેરમાં ૪ વર્ષનો દિકરો, પાનસરમાં ૭ વર્ષની દિકરી સંક્રમિત થઈ છે.

ગ્રામ્ય વિસ્તારમાં મહિલાઓ, બાળ દર્દિઓ અને ૬૦ કે તેથી વધુ વય ધરાવતા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

દહેગામ તાલુકામાં આજે ધારીસણા, લવાડ અને સામેત્રીમાંથી કેસો મળ્યા છે.

ગાંધીનગર તાલુકામાં દશેલામાં ૨, સાદરામાં ૨, આદરજમાં ૪, સરઢવમાં ૩, ડભોડમાં ૨, મોટા ચિલોડામાં ૩, બી.એસ.એફ.માં ૩, ન્યુ પાલજમાં ૨, ઉનાવામાં ૬, અડાલજમાં ૧૭, જમિયતપુરામાં ૨, ઉવારસદમાં ૬ ઉપરાંત દોલારાણા વાસણા, લેકાવાડા, ગિયોડ, પ્રાંતિયા, વલાદ, રૂપાલ, આલમપુર, કસ્તુરીનગર, કરાઈ અને વલાદ ગામેથી પણ કેસો મળ્યા છે.

અનુસંધાન પાના ૭ પર

## મનપા સ્થાયી સમિતિની આજે સાંજે મહત્વની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ આજે સાંજે ૪.૩૦ વાગે ચેરમેન જશુભાઈ પટેલની અધ્યક્ષતામાં સ્થાયી સમિતિના ખંડમાં મળશે.

મનપાની આજે મળનારી આ બેઠકમાં શહેરની પાર્કિંગ પોલીસીને આખરી ઓપ આપવા ઉપરાંત વહીવટીય કાર્યભારણ વધુ છે.

આજની બેઠકમાં ઓડીએફ ડબલ પ્લસના રેટીંગ બાદ વૉટર પ્લસનું પ્રમાણ પત્ર મેળવવાની દરખાસ્ત પણ સરકારને મોકલવા માટે થઈ ચર્ચા વિચારણાને અંતે નિર્ણય કરાશે.

આ બેઠકમાં સીએમ ડેશ બોર્ડ માટે વેબ સર્વિસીસ બનાવવા અંગે પણ નિર્ણય લેવા ઉપરાંત ગટર તેમજ અન્ય ટેન્ડરો અંગે પણ મહત્વના નિર્ણય લેવામાં આવશે.

આ બેઠકમાં કોરોનાની સ્થિતિ અંગે પણ ચર્ચાઓ કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે. શહેરમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા તેમજ ફરજીયાત માસ્કના નિયમની અમલવારી સહિતના મુદ્દાઓની ચર્ચા થશે તેમ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં શહેરની પાર્કિંગ પોલિસીનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવનાર હોઈ રાજકીય વર્તુળોમાં ઉત્તેજના ફેલાઈ જવા પામી છે.

## ગ્રામ્ય વિસ્તાર માટે ૩૦ ઈન્ટર્ન તબીબ ફળવાયા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધી રહેલા સંક્રમણને ધ્યાને રાખી સરકારના આરોગ્ય વિભાગે ૩૦ ઈન્ટર્ન તબીબોની ફાળવણી જિલ્લાને કરી છે.

આ તબીબોમાંથી ૧૩ ને ગાંધીનગર, ૧૩ ને કલોલ અને ૨-૨ તબીબો માણસા-દહેગામમાં ફાળવવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ધન્વનતરી રથની સંખ્યા પણ વધારીને ૧૦ કરવામાં આવી છે. તેમજ સંજીવની રથની સંખ્યા પણ વધારીને ૧૦ કરવામાં આવી છે. આ ઈન્ટર્ન તબીબોને આ રથ પર ડ્યુટી ફાળવવામાં આવશે તેમ જાણવા મળેલ છે.



કડકડતી ઠંડીમાં માર્ગની બાજુમાં બેસીને તીરંગાનું વેચાણ કરતી આ બાળકીની આંખો આજુબાજુથી પસાર થતાં નાગરિકો અને વાહનોને આશાભરકી નજરે જોઈ રહી છે. ગણતંત્ર દિવસ નજીક છે એટલે કોઈક તો તેના તીરંગા ખરીદશે તેવી તેની અપેક્ષા હોય એ સ્વાભાવિક છે. પરંતુ દેશભક્તિ હવે જાણે મોબાઈલના મેસેજમાં કેદ થઈ ગઈ છે. વોટ્સએપ સ્ટેટસ ચેન્જ કરવું અને પાંચ-દસ ગ્રુપમાં મેસેજ મુકી દો એટલે ગણતંત્ર દિવસની ઉજવણી પૂર્ણ થઈ ગઈ ગણાય છે. ધ્વજવંદન કાર્યક્રમો જાણે માત્ર ઔપચારિક પૂર્ણ કરવા યોજાતા હોય તેવુ લાગે છે. રાષ્ટ્રધ્વજને સલામી આપવા પણ કોઈ જતુ નથી. મોબાઈલના મેસેજમાં આપણી રાષ્ટ્રભક્તિ કેદ થઈ ગઈ છે ત્યારે આ બાળકી વ્યર્થ જ આશા રાખી રહી છે તેવુ લાગી રહ્યુ છે.

## દહેગામ મામલતદાર ઓફિસમાં ભ્રષ્ટ્રાચારના ગંભીર આક્ષેપો : ભાજપના આગેવાનોએ કરી હંગામો મચાવ્યો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના મામલતદાર કચેરીમાં આજે ભાજપના આગેવાનોએ મામલતદાર કચેરીમાં ચાલી રહેલા ભ્રષ્ટ્રાચારને મામલે આવેદનપત્ર આપી ઉગ્ર રજુઆત કરી હતી.

ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ, એ.પી.એમ.સી.ના સુમેરૂ અમીન તેમજ તાલુકા પંચાયતના સદસ્યો, પૂર્વ સદસ્યો અને હોદ્દેદારોએ આજે આ અંગે આવેદનપત્ર આપ્યુ હતુ.

આ આગેવાનોએ ગણોતધારાના કેસની પતાવટ માટે રૂ. ૨૦ લાખની માંગણી કરી હોવાની વાતને લઈ હંગામો મચાવી દીધો હતો. દહેગામ મામલતદાર કચેરીમાં વહીવટીયાઓની બોલબોલા હોવાની વાતો પણ આવેદન પત્રમાં કહેવામાં આવી છે.

દહેગામ મામલતદાર ઓફિસમાં વચેટિયાઓની વધેલી ફરિયાદો પછી રાજયના મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ આકસ્મિક મુલાકાત પણ લીધી હતી અને તેમને તે વખતે બધુ સારૂ દેખાયુ હતુ.

જો કે આજે ભાજપના આગેવાનોએ જ ભ્રષ્ટ્રાચાર અને વચેટીયાઓને લઈ આપેલા આવેદન પત્રથી જિલ્લાના રાજકારણમાં જિલ્લા તંત્રમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com